# અમરેલી નગરપાલિકા

## જાહેરાત ક્રમાંક ૧૫૪/ ૨૦૨૧/૨૨

અમરેલી નગરપાલિકામાં અગ્નિશમન સેવાના કર્મચારીઓની ભરતી માટે નાયબ કમિશ્નરશ્રી મ્યુનિસીપાલીટી એડમિનિસ્ટ્રેશનની કચેરી,ગાંધીનગરનાં હુકમ નં. કમિ.મ્યુનિ. એડી./ મકમ-૧/ ફા.નં. ૧૬૪૨/ ફાયર મહેકમ/ વશી ૩૦૩૦/ ૨૦૧૯/ ૧૬૪૩૮ તા. ૨૭/૧૨/૨૦૧૯ થી મંજુર થયેલ જગ્યાઓ માટે મે. પ્રાદેશિક કમિશ્નરશ્રી નગરપાલિકાની કચેરી, ભાવનગરના હુકમ નં. પ્રા.કમિ.ન.પા./ મકમ/ અગ્નિ નિ. સે. ભરતી બઢતીના નિયમો/ વશી/ ૨૮૫/ ૧૪૫૫/૨૦૨૦ તા. ૧૭-૦૬-૨૦૨૦ થી મંજુર થયેલ છે. મંજુર થયેલ સેટઅપની જગ્યાઓ પૈકી નીચે મુજબનાં કર્મચારીઓની ભરતી કરવા માટે લાયકાતો નીચે મુજબની રહેશે.

(૧) નાયબ એકાઉન્ટન્ટ

| અ.નં. | જગ્યાનું નામ | જગ્યા ની સંખ્યા | વર્ગ | શૈક્ષણિક લાયકાત, ટેકનીકલ, લાયકાત, અનુભવ તથા વયમર્યાદા | જનરલ |
|---|---|---|---|---|---|
| ૧ | નાયબ એકાઉન્ટન્ટ | ૧ | ૩ | **(૧) શૈક્ષણિક લાયકાત**<br>(૧) સીધી ભરતીથી પસંદગીમાં નિમણુંક થવા માટે માન્ય યુનિવર્સીટી/ સંસ્થામાંથી બેચલર ઓફ બિઝનેશ એડમિનિસ્ટ્રેશન અથવા બેચલર ઓફ કોમર્સ અથવા બેચલર ઓફ સાયન્સ ( મેથેમેટિક્સ/ સ્ટેટિકસ) અથવા બેચલર ઓફ આર્ટસ (સ્ટેટિકસ/ ઇકોનોમિકસ/ મેથેમેટિક્સ)નાં સ્નાતક અથવા તેની સમકક્ષ સરકારે માન્ય કરેલ શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવા જોઈએ.<br>(૨) કમ્પ્યુટરનાં બેઝીક નોલેજ તથા સી.સી.સી. પાસનું કોઈપણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર/ માર્કશીટ ધરાવતા હોવા જોઈએ.<br>(૩) કમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવી લાયકાત સરકાર માન્ય યુનિવર્સીટી અથવા સંસ્થામાંથી મેળવેલ હોવાના પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈયે. અથવા<br>(૪) ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા કોમ્પ્યુટર વિષય સાથે પાસ કરેલ હોવાના પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈએ અરજી કરવાનાં તબક્કે ઉમેદવાર આવું પ્રમાણપત્ર ધરાવતા નાં હોય તો પણ અરજી કરી શકશે. પરંતુ નિમણુંક મેળવતાં પહેલા ઉમેદવારે આવું પ્રમાણપત્ર અચૂક રજુ કરવાનું રહેશે. અન્યથા આવા ઉમેદવાર નિમણુંક મેળવ્યા બાદ અજમાયાશિ સમયગાળા દરમ્યાન પાસ કરવાનું રહેશે.<br>(૫) અંગ્રેજી અને ગુજરાતીમાં ડેટા એન્ટ્રીની કામની કલાક દીઠ ચોકસાઈપૂર્વક ૫૦૦૦ કિ ડીપ્રેશનથી ઓછી નહિ તેટલી ઝડપ ધરાવતા હોવા જોઈએ.<br>(૬) ગુજરાતી અને હિન્દી અથવા બંને ભાષાનું સામાન્ય જ્ઞાન ધરાવતા હોવા જોઈએ.<br>**(૨) વયમર્યાદા**<br>૨૮ વર્ષથી વધુ નહી | ૦૧ |

## લેખિત સ્પર્ધાત્મક કસોટી સિલેબસ

(૧) નાયબ એકાઉન્ટન્ટ

| ક્રમ | વિષય | ગુણ | સમયગાળો |
|---|---|---|---|
| ૧ | (૧) સામાન્ય વિજ્ઞાન (૨) ગુજરાતનો ઈતિહાસ (૩) ગુજરાતની ભૌગોલિક બાબતો તથા કુદરતી સંપતિ (૪) ગુજરાતની ખેતી અને ઉદ્યોગો (૫) ગુજરાતનો સાંસ્કૃતિક વરસો - સાહિત્ય, કલા, ધર્મ (૬) ખેલ જગત (૭) ગુજરાતની રાજનીતિ (૮) પંચાયતી રાજ (૯) મહા ગુજરાત આંદોલન- સ્થાપના અને ત્યાર બાદની મહત્વની ઘટનાઓ, (૧૦) વિવિધ ક્ષેત્રે દેશમાં મહિલાઓનો ફાળો (૧૧) ભારતનું બંધારણ (૧૨) તાજેતરનાં મહત્વનાં રાષ્ટ્રીય/ આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ/ બનાવો (૧૩) પર્યાવરણ (૧૪) સરકારી યોજનાઓ ( ૧૫) ડીઝાસ્ટર મેનેજમેન્ટ, વિગેરે | ૭૫ | ૧૨૦ મિનીટ |
| ૨ | ગુજરાતી વ્યાકરણ | ૧૫ | |
| ૩ | અંગ્રેજી વ્યાકરણ | ૧૦ | |
| ૪ | (૧) નામાં પધ્ધતિ (૨) આંકડાશાસ્ત્ર (૩) ગણિત (૪) અર્થશાસ્ત્ર - ગુજરાત અને દેશની અર્થ વ્યવસ્થા (૫) જાહેર વહીવટ (૬) સામાન્ય બૌધિક કસોટી (૭) કમ્પ્યુટરને લગતું સામાન્ય જ્ઞાન વિગેરેનો સમાવેશ થશે. | ૫૦ | |
| | કુલ ગુણ | ૧૫૦ | |

(૧) ક્લાર્ક

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨ | ક્લાર્ક | ૧ | ૩ | **(૧) શૈક્ષણિક લાયકાત**<br>(૧) સીધી ભરતીથી પસંદગીમાં નિમણુંક થવા માટે માન્ય યુનિવર્સીટીમાંથી સ્નાતક અથવા તેની સમકક્ષ સરકારે માન્ય કરેલ શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવા જોઈએ.<br>(૨) કોમ્પુટરનાં બેઝીક નોલેજ તથા સી.સી.સી. પાસનું કોઈપણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર/ માર્કશીટ ધરાવતા હોવા જોઈએ.<br>(૩) કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવી લાયકાત સરકાર માન્ય યુનિવર્સીટી અથવા સંસ્થામાંથી મેળવેલ હોવાના પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈએ. અથવા<br>(૪) ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની પરીક્ષા કોમ્પ્યુટર વિષય સાથે પાસ કરેલ હોવાના પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈએ અરજી કરવાનાં તબક્કે ઉમેદવાર આવું પ્રમાણપત્ર ધરાવતા નાં હોય તો પણ અરજી કરી શકશે. પરંતુ નિમણુંક મેળવતાં પહેલા ઉમેદવારે આવું પ્રમાણપત્ર અચૂક રજુ કરવાનું રહેશે. અન્યથા આવા ઉમેદવાર નિમણુંક મેળવવાપાત્ર ઠરશે નહી.<br>(૫) અંગ્રેજી અને ગુજરાતીમાં ડેટા એન્ટ્રીની કામની કલાક દીઠ ચોકસાઈપૂર્વક ૫૦૦૦ કિ ડીપ્રેશનથી ઓછી નહિ તેટલી ઝડપ ધરાવતા હોવા જોઈએ.<br>(૬) ગુજરાતી અને હિન્દી અથવા બંને ભાષાનું સામાન્ય જ્ઞાન ધરાવતા હોવા જોઈએ.<br>**(૨) વયમર્યાદા**<br>૨૮ વર્ષથી વધુ નહી | ૦૧ |

**લેખિત સ્પર્ધાત્મક કસોટી સિલેબસ**

(૧) ક્લાર્ક

| ક્રમ | વિષય | ગુણ | સમયગાળો |
|---|---|---|---|
| ૧ | (૧) સામાન્ય વિજ્ઞાન (૨) ગુજરાતનો ઈતિહાસ (૩) ગુજરાતની ભૌગોલિક બાબતો તથા કુદરતી સંપતિ (૪) ગુજરાતની ખેતી અને ઉદ્યોગો (૫) ગુજરાતનો સાંસ્કૃતિક વરસો - સાહિત્ય, કલા, ધર્મ (૬) ખેલ જગત (૭) ગુજરાતની રાજનીતિ (૮) પંચાયતી રાજ (૯) મહા ગુજરાત આંદોલન- સ્થાપના અને ત્યાર બાદની મહત્વની ઘટનાઓ, (૧૦) વિવિધ ક્ષેત્રે દેશમાં મહિલાઓનો ફાળો (૧૧) ભારતનું બંધારણ (૧૨) તાજેતરનાં મહત્વનાં રાષ્ટ્રીય/ આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ/ બનાવો (૧૩) પર્યાવરણ (૧૪) સરકારી યોજનાઓ ( ૧૫) ડીઝાસ્ટર મેનેજમેન્ટ, વિગેરે (૧૬) જાહેર વહીવટ (૧૭) સામાન્ય બૌધિક કસોટી (૧૮) કમ્પ્યુટરને લગતું સામાન્ય જ્ઞાન વિગેરે | ૭૫ | ૧૨૦ મિનીટ |
| ૨ | ગુજરાતી વ્યાકરણ | ૧૫ | |
| ૩ | અંગ્રેજી વ્યાકરણ | ૧૦ | |
| | કુલ ગુણ | ૧૫૦ | |

૧. ઉપરોક્ત જગ્યાઓ માટેની અરજી જાહેરાત પ્રસિધ્ધ થયેથી ૩૦ દિવસ સુધીમાં ચીફ ઓફીસરશ્રી, અમરેલી નગરપાલિકા, સરદાર પટેલ ભવન, રૂ. વી. પરીખ બાલમંદિર, કમ્પાઉન્ડ નાગનાથ મંદિર સામે અમરેલી તા.જી. અમરેલી પીન નં. ૩૬૫૬૦૧ ખાતે ફક્ત રજીસ્ટર પોસ્ટ એ.ડી. અથવા સ્પીડ પોસ્ટથી મોકલી આપવાની રહેશે. અન્ય રીતે રજુ થયેલ અરજી રદ કરવાપાત્ર થશે.

૨. અરજદારે અરજી સાથે તાજેતરમાં પડાવેલ પાસપોર્ટ સાઈઝ ફોટા નંગ-૦૧, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, શૈક્ષણિક લાયકાત, તેમજ અનુભવ અંગેના પ્રમાણપત્રની સ્વ-પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે. અનામત વર્ગ ઉમેદવાર જાતી અંગેનું સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

૩. ઉપરોક્ત તમામ જગ્યાઓ માટે અરજી સાથે બિન અનામત વર્ગના અરજદારે રૂ. ૫૦૦/-નો ડીમાન્ડ ડ્રાફ્ટ, ચીફ ઓફીસરશ્રી, અમરેલી નગરપાલિકાનાં નામથી મોકલવાનો રહેશે. અનુસુચિત જાતી, અનુસુચિત જનજાતી, તથા શૈક્ષણિક પછાત વર્ગ તથા આર્થીક નબળા વર્ગના ઉમેદવારે પણ કોઈ ફી ભરવાની રહેશે નહિ. પરંતુ શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારે શા.શૈ. પ. વર્ગનું નોન ક્રીમીલેયરનું પ્રમાણપત્ર તથા આર્થીક નબળા વર્ગના ઉમેદવારે જાહેરાતની તારીખે માન્યતા પ્રાપ્ત પ્રમાણપત્ર ફરજીયાત રજુ કરવાનું રહેશે. તેના સિવાય અનામતના લાભો મળવાપાત્ર થશે નહિ.

૪. અરજી કવર ઉપર જે જગ્યા માટે અરજી કરેલ હોય તે જગ્યાનું નામ સ્પષ્ટ દર્શાવવાનું રહેશે. દા. ત. **"નાયબ એકાઉન્ટન્ટ તરીકેની અરજી" " ક્લાર્ક તરીકેની અરજી"**

૫. વયમર્યાદા સરકારશ્રીનાં નીતિ નિયમ મુજબની રહેશે. તેમજ અનામત વર્ગના ઉમેદવારોને સરકારશ્રીનાં નિયમ મુજબ ઉમરમાં છૂટછાટ મળવાપાત્ર થશે. અરજી સ્વીકારવાની છેલ્લી તારીખે નિયત શૈક્ષણિક લાયકાત જરૂરી તથા વયમર્યાદા ધરાવતા હોવા જોઈએ.

૬. દરેક જગ્યા માટે ઉમેદવારે અલગથી અરજી કરવાની રહેશે. અરજદાર દ્વારા એક જગ્યા માટે બે અરજી કરવામાં આવે તો આખરી અરજી માન્ય રાખવામાં આવશે.

૭. નિયત નમુનાનાં અરજીપત્રક જે મુકવામાં આવેલ છે તે જ નમુનામાં અરજી કરવાની રહેશે.

૮. અરજીપત્રક અમરેલી નગરપાલિકાની મહેકમ શાખામાંથી રૂબરૂમાં અથવા આ નગરપાલિકા કચેરીની વેબસાઈટ HTTP://AMRELI NAGARPALIKA .IN ઉપરથી ડાઉનલોડ કરી શકાશે. જે તે જગ્યાઓનાં અરજી પત્રક અંગેનાં નમૂનાઓ આ સાથે સામેલ છે.

૯. અધુરી ફી, સમય મર્યાદા બાદ મળેલ અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહી. અને આ અંગે કોઈ પત્ર વ્યવહાર કરવામાં આવશે નહી.

૧૦. આ જાહેરાત તથા સમગ્ર ભરતી પ્રક્રિયામાં કોઈપણ કારણોસર ફેરફાર કરવાની કે સંપૂર્ણ અથવા અંશત: રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાની તથા પસંદગી

કરવી કે ન કરવી તે અંગે નગરપાલિકાનો સંપૂર્ણ અબાધિત હક્ક/ અધિકાર રહેશે. નગરપાલિકા આ બાબતે કોઈ કારણો આપવા બંધાયેલ રહેશે નહી. ૧૧. અનામત વર્ગનાં ઉમેદવાર સામાન્ય જગ્યા ઉપર અરજી કરે છે તો અનામતનાં કોઈ લાભ મળવાપાત્ર રહેશે નહી અને સામાન્ય વર્ગના ઉમેદવાર તરીકેની શરતો , લાગું પડશે.

૧૨. સરકારશ્રીની નિતી અનુસાર વર્ગ - (૩) સંવર્ગનાં કર્મચારીઓની પ્રથમ નીમણુંક ૫ (પાંચ) વર્ષના ફિક્સ પગારથી કરવામાં આવશે. વર્ગ -(૩) સંવર્ગના કાર્મચારીઓનો કરારીય સમયગાળો પૂર્ણ થયેથી તેઓને નગરપાલિકાનાં પ્રવર્તમાન ધારાધોરણ અનુસાર પગાર - ભથ્થાં મળવાપાત્ર થશે.

૧૩. માન્યતા પ્રાપ્ત અરજીઓ મુજબનાં ઉમેદવારોની લેખિત સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે.

૧૪. ભરતી અંગેની માહિતી અમરેલી નગરપાલિકાનાં નોટીસ બોર્ડ ઉપર તથા અમરેલી નગરપાલિકાની વેબસાઈટ www.amrelinagarpalika.in વેબસાઈટ પરથી મેળવી શકાશે.

૧૫. જાહેરાતમાં આપેલ ફોર્મ નમુના રૂપે આપવામાં આવેલ છે. તેમાં બિડાણ કરવાનાં જરૂરી ડોક્યુમેન્ટ બતાવેલ લાયકાત મુજબનાં જોડવાનાં રહેશે.

તારીખ /૦૭/૨૦૨૧

સ્થળ:- અમરેલી

**સભ્ય**

**પસંદગી સમિતી અને ચીફ ઓફિસર**

**અમરેલી**